# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) ગૃહમંત્રી અમિત શાહે આંતરરાષ્ટ્રીય સરહદો પર નાણાકીય વ્યવહાર, મકાન બાંધકામ અને મિલકત ખરીદ-વેચાણ પર કડક દેખરેખ રાખવા આહ્વાન કર્યું.

2) ભારતે પુનર્નિર્માણ કાર્યક્રમના ભાગ રૂપે નેપાળને 72 આરોગ્યસંભાળ સુવિધાઓ અને 12 વારસાગત પ્રોજેક્ટ્સ સોંપ્યા.

3) NTAએ નીટ યુજી 2026 પુનઃપરીક્ષા પ્રશ્નપત્રના કથિત લીકની અફવાઓ ફગાવી.

4) વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપમાં ભારત 22 સુવર્ણ ચંદ્રકો સાથે ટોચના સ્થાને - રીતુ મંડલ બે સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય બની.

5) ભારતે SAFF મહિલા ચેમ્પિયનશિપ 2026ની ફાઇનલમાં બાંગ્લાદેશને 3-1થી હરાવી ખિતાબ જીત્યો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH – BORDER

ગૃહમંત્રી અમિત શાહે આંતરરાષ્ટ્રીય સરહદો પર નાણાકીય વ્યવહારો, મકાન બાંધકામ અને મિલકતોની ખરીદી અને વેચાણ પર કડક દેખરેખ રાખવા આહ્વાન કર્યું છે.

શ્રી શાહની અધ્યક્ષતામાં ત્રિપુરા સ્થિત સરહદ સુરક્ષા દળના બોર્ડર હેડક્વાર્ટરમાં પૂર્વોત્તર રાજ્યના સરહદી વિસ્તારો અંગે મળેલી બેઠક દરમિયાન આ નિર્દેશ જારી કરાયો. ગૃહમંત્રીએ છેલ્લા પાંચ વર્ષથી જમીનના રેકોર્ડનું ઓડિટ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. શ્રી શાહે જણાવ્યું હતું કે ડ્રગ્સ અને હથિયારોની હેરાફેરી સામે સતત ઝુંબેશ ચાલુ રાખવી અને ડ્રગ્સની હેરાફેરી સાથે સંકળાયેલા તમામ લોકો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ.

તેમણે ઉમેર્યું હતું કે સરહદી જિલ્લાઓમાં નાણાકીય શિસ્ત સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્યોની છે. શ્રી શાહે જિલ્લા કલેકટર, GST અધિકારીઓ અને કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ CBDT ને નકલી ચલણ સર્વેક્ષણ કરવા તાલીમ આપવાનો નિર્દેશ આપ્યો હતો.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે ડ્રગ્સ અને હથિયારોના ખતરાનો સામનો કરવા માટે સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને તાલીમ આપવા માટે શિબિરોનું આયોજન કરવું જોઈએ. બેઠકમાં ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહા સહિત રાજ્યના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# JAISHANKAR-NEPAL FM

વિદેશમંત્રી એસ. જયશંકરે નવી દિલ્હીમાં નેપાળના વિદેશમંત્રી શિશિર ખનાલ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક બાદ ડૉ જયશંકરે 2015ના ભૂકંપ બાદ પુનર્નિર્માણ કાર્યક્રમના ભાગ રૂપે વર્ચ્યુઅલી 72 આરોગ્યસંભાળ સુવિધાઓ અને 12 સાંસ્કૃતિક વારસાના પ્રોજેક્ટ્સ નેપાળને સોંપ્યા.

બંને નેતાઓએ બંને દેશો વચ્ચે વ્યક્તિગત નાણાં વ્યવહારોને સરળ બનાવવા માટે સંયુક્ત રીતે UPI નો આરંભ કરાવ્યો. બંને નેતાઓએ ડિજિટલ ઇન્ડિયા ભાષિની અને કાઠમંડુ યુનિવર્સિટી વચ્ચે નેપાળ માટે 'વોઇસ ફર્સ્ટ' ભાષા અનુવાદ પ્લેટફોર્મ માટે રાષ્ટ્રીય ડિજિટલ માળખાગત સુવિધા સહ-નિર્માણ કરવા માટે સમજૂતી પત્રનું પણ આદાનપ્રદાન કર્યું.

ડૉ. જયશંકરે બંને દેશોના લોકોની પરસ્પર પ્રગતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે નેપાળ સાથે સાથે મળીને કામ કરવાની ભારતની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો. ડૉ. જયશંકરે નેપાળમાં વર્તમાન યુવા સરકારને સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

## બાઇટ – વિદેશ મંત્રી એસ. જયશંકર

શ્રી ખનાલે જણાવ્યું હતું કે ભારત નેપાળનું સૌથી મહત્વપૂર્ણ ભાગીદાર છે, અને નેપાળે ભારતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી.

# NTA - NEET RUMOUR

રાષ્ટ્રીય તપાસ સંસ્થા NTA એસોશિયલ મીડિયા અને મેસેજિંગ પ્લેટફોર્મ પર ફેલાતી નીટ યુજી 2026 પુનઃપરીક્ષા પ્રશ્નપત્રના કથિત લીક, એડવાન્સ એક્સેસ અથવા વેચાણ અંગેની અફવાઓનું ખંડન કર્યું છે. એજન્સીએ જણાવ્યું કે, ઉમેદવારો માટે નિષ્પક્ષ અને સલામત પરીક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે.

એજન્સીએ જણાવ્યું હતું કે તે વાંધાજનક ચેનલો, એકાઉન્ટ્સ અને સામગ્રીની સક્રિયપણે ઓળખ કરાઇ રહી છે અને તાત્કાલિક કાર્યવાહી માટે સંબંધિત પ્લેટફોર્મ અને સાયબર ક્રાઇમ અધિકારીઓને માહિતી પૂરી પાડી રહી છે.

એજન્સીએ તમામ ઉમેદવારોને અફવાઓથી દૂર રહેવા અને ચકાસાયેલ વેબસાઇટ્સ અને ચેનલો દ્વારા પ્રકાશિત સત્તાવાર માહિતી પર જ આધાર રાખવા વિનંતી કરી છે.

# IMD

હવામાન વિભાગે કર્ણાટકના દરિયાકાંઠાના ભાગો, કેરલમ અને માહેમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગો, આંદામાન અને નિકોબાર ટાપુઓ, કર્ણાટક, કોંકણ અને ગોવા, લક્ષદ્વીપ, મહારાષ્ટ્ર, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, તમિલનાડુ અને પુડુચેરીમાં પણ દિવસ દરમિયાન વરસાદ પડવાની સંભાવના છે.

વિભાગે આજે આંધ્રપ્રદેશ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાક સ્થળોએ વાવાઝોડા અને વીજળી પડવાની

**આગાહી પણ કરી છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના ભાગો અને ઓડિશામાં આજે ગરમીનું મોજું રહેવાની સંભાવના છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WORLD YOGA CHAMPIONSHIP

**ગુજરાતનાં અમદાવાદમાં ઇકેએ (EKA) એરેના ખાતે રમાઈ રહેલી પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપના ત્રીજા દિવસે યજમાન ભારતે 22 સુવર્ણ, 5 રજત અને 1 કાંસ્ય ચંદ્રક જીત્યા છે.**

**પશ્ચિમ બંગાળની રીતુ મંડલે પરંપરાગત યોગાસન સીનિયરએ મહિલા વર્ગમાં ભારતનો પ્રથમ સુવર્ણ ચંદ્રક જીત્યા બાદ ટીમ સ્પર્ધામાં પણ સુવર્ણ મેળવીને બે સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.**

આર્જેન્ટિનાની નાબિલા સોલ બરાઝાએ ત્રણ દિવસમાં બીજો સુવર્ણ ચંદ્રક જીતતા આર્જેન્ટિના બે સુવર્ણ અને બે રજત ચંદ્રક સાથે બીજા સ્થાને, જ્યારે બે સુવર્ણ અને બે કાંસ્ય ચંદ્રક સાથે સિંગાપોર ત્રીજા સ્થાને છે.

# PREZ PM - HOCKEY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય પુરુષ અને મહિલા હોકી ટીમોને અંડર-18 એશિયા કપ 2026માં તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, પુરુષોની ટીમે ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો, જ્યારે મહિલા ટીમે કાંસ્ય ચંદ્રક જીતીને દેશનું ગૌરવ વધાર્યું.

રાષ્ટ્રપતિ મુર્મુ કહ્યું કે આ પરિણામો દેશના યુવા ખેલાડીઓના સમર્પણ, શિસ્ત અને દૃઢ નિશ્ચયને પ્રતિબિંબિત કરે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે બંને ટીમોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન દેશના યુવાનો માટે પ્રેરણાસ્રોત તરીકે કામ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે પુરુષ ટીમે સમગ્ર ટુર્નામેન્ટમાં અસાધારણ કૌશલ્ય અને ટીમ વર્કનું પ્રદર્શન કર્યું છે. પ્રધાનમંત્રીએ અંડર-18 એશિયા કપ 2026માં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ ભારતીય મહિલા અન્ડર-18 હોકી ટીમને પણ અભિનંદન પાઠવ્યા હતા.

# SAFF WOMEN CHAMPIONSHIP

ભારતે SAFF મહિલા ચેમ્પિયનશિપ 2026 ની ફાઇનલમાં વર્તમાન ચેમ્પિયન બાંગ્લાદેશને 3-1 થી હરાવીને રેકોર્ડ છઠ્ઠી વખત ટાઇટલ જીત્યું. આ મેચ ગઈકાલે ગોવામાં રમાઈ હતી. સાત વર્ષ બાદ ભારતીય મહિલા ટીમે ફરી એકવાર ટ્રોફી જીતી લીધી છે.

સાંભળીએ એક અહેવાલ......

VC – નિખિલ

# UKRAINE - RUSSIA STRIKE

રશિયના અધિકારીઓએ જણાવ્યું કે યુક્રેને સેન્ટ પીટર્સબર્ગ અને તેની આસપાસના વિસ્તારો પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. રશિયાએ લેનિનગ્રાડ પ્રદેશની આસપાસ 140થી વધુ ડ્રોનને તોડી પાડ્યા છે.

ગવર્નર એલેક્ઝાન્ડર ડ્રોઝડેન્કોએ યુદ્ધ શરૂ થયા બાદ પહેલીવાર રહેવાસીઓને ઘરની અંદર રહેવા વિનંતી કરી. શ્રી ડ્રોઝડેન્કોએ કહ્યું કે કોઈ મોટું નુકસાન થયું નથી. જોકે, ઘણા જિલ્લાઓમાં ડ્રોનનો કાટમાળ જોવા મળ્યો છે, જેના કારણે રહેણાંક ઇમારતોને નજીવું નુકસાન થયું છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે તેમના દેશના ડ્રોન સેન્ટ પીટર્સબર્ગ પ્રદેશમાં એક હજાર કિલોમીટરની મુસાફરી કરીને દુશ્મન

નૌકાદળના શસ્ત્રાગાર અને ક્રોનસ્ટાડમાં એક બેઝને નિશાન બનાવે છે. ક્રોનસ્ટાડ રશિયન નૌકાદળના બાલ્ટિક ફ્લીટનો મુખ્ય બેઝ છે.

શ્રી ઝેલેન્સકી આજે બ્રિટનની મુલાકાત લે તેવી અપેક્ષા છે અને યુક્રેનના કેટલાક નજીકના યુરોપિયન સાથીઓ – પ્રધાનમંત્રી સર કીર સ્ટારમર, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ અને ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે વાતચીત કરે તેવી અપેક્ષા છે.

---

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

1. આજે મોટાભાગના અખબારોએ અલગ અલગ સમાચારો પ્રથમ પાને છાપ્યા છે.
2. દિવ્ય ભાસ્કરે લખ્યું કોકરોચનું શક્તિ પ્રદર્શન
3. ગુજરાત સમચારે લખે છે- હોરમુઝ બંધ રખાવી અમેરિકન ઓઇલ કંપનીઓને ઘી કેળા
4. સંદેશે લખ્યું છે ચોમાસાની રોકેટ ગતિ :10-11 સુધીમાં મુંબઈ પહોચશે.
5. નવગુજરાત સમચાર લખે છે - વર્લ્ડકપ વિજેતા ટીમના કેપ્ટન સૂર્યાની હકાલપટ્ટી :વૈભવ ટીમમાં
6. આ ઉપરાંત સ્થાનિક સમાચારોમાં, રાજ્યના પોલીસ વડા તરીકે અમદાવાદ કમિશનર જી એસ મલિકની નિયુક્તિ અને અમદાવાદના મોટેરામાં દબાણ હટાવ કામગીરીના સમાચાર તસવીર સાથે છપાયા છે.